नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૨૧

# પુષ્પિકા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૨૧

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# ૨૧. પુષ્પિકા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- 1. www.jainelibrary.org, 2. Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૨૧ 'પુષ્પિકા'

## ઉપાંગસૂત્ર- ૧૦ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | અધ્યયન- ૧ ચંદ્ર | ૦૬ | ૫ | અધ્યયન- ૫ પૂર્ણભદ્ર | ૧૭ |
| ૨ | અધ્યયન- ૨ સૂર્ય | ૦૭ | ૬ | અધ્યયન- ૬ માણિભદ્ર | ૧૮ |
| ૩ | અધ્યયન- ૩ શુક્ર | ૦૮ | ૭ | અધ્યયન- ૭ થી ૧૦ દત્ત આદિ | ૧૮ |
| ૪ | અધ્યયન- ૪ બહુપુત્રિકા | ૧૨ | --- | ------------------------ | --- |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | मूल आगम साहित्य:- | 147 | 5 | आगम अनुक्रम साहित्य:- | 09 |
| | -1- आगमसुत्ताणि-मूलं print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | -2- आगमसुत्ताणि-मूलं Net | [45] | | -2- आगम विषयानुक्रम सटीकं. | 04 |
| | -3- आगममञ्जूषा मूल प्रत. | [53] | | -3- आगम सूत्र-गाथा अनुक्रम | 03 |
| 2 | आगम अनुवाद साहित्य:- | 165 | 6 | आगम अन्य साहित्य:- | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- आगमसूत्र हिन्दी अनुवाद Net | [47] | | -2- आगम संबंधी साहित्य | 02 |
| | -3- AagamSootra English Trans。 | [11] | | -3- ऋषिभाषित सूत्राणि | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | -4- आगमिय सूक्तावली | 01 |
| | -5- आगमसूत्र हिन्दी अनुवाद print | [12] | | आगम साहित्य- कुल पुस्तक | 518 |
| 3 | आगम विवेचन साहित्य:- | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- आगमसूत्र सटीकं | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- आगम मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- आगम मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- आगम चूर्णि साहित्य | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- सवृत्तिक आगमसूत्राणि-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- सवृत्तिक आगमसूत्राणि-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- सचूर्णिक आगमसुत्ताणि | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | आगम कोष साहित्य:- | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- आगम सद्दकोसो | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- आगम कहाकोसो | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- आगम-सागर-कोष: | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- आगमशब्दादिसंग्रह प्रा-सं-गु. | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- आगम बृहत् नाम कोष: | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

1–આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518

2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૨૧] પુષ્પિકા
## ઉપાંગસૂત્ર–૧૦– ગુજરાતી ભાવાનુવાદ

## અધ્યયન–૧ ' ચંદ્ર'

### સૂત્ર–૧ થી ૩

**૧.** ભગવન્ ! શ્રમણ ભગવંત મહાવીરે કલ્પવતંસિકા ઉપાંગનો આ અર્થ કહ્યો, તો ત્રીજો વર્ગ–પુષ્પિકા ઉપાંગનો કયો અર્થ કહેલ છે ?

હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે તેના દશ અધ્યયનો કહ્યા.

**૨.** ચંદ્ર, સૂર્ય, શુક્ર, બહુપુત્રિકા, પૂર્ણભદ્ર, માણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદત. આ દશ અધ્યયન છે.

**૩.** ભગવન્ ! શ્રમણ ભગવંત મહાવીરે પુષ્પિકાના પહેલાં અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા હતો. તે કાલે, તે સમયે ભગવંત મહાવીર સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી.

તે કાળે તે સમયે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં ચંદ્ર સિંહાસને ૪૦૦૦ સામાનિક દેવો સહિત યાવત્ વિચરે છે.

આ સંપૂર્ણ જંબૂદ્વીપ દ્વીપને વિપુલ અવધિજ્ઞાનથી અવલોકતો, જોતો સૂર્યાભદેવની માફક શ્રમણ ભગવંત મહાવીરને જુએ છે. આભિયોગ દેવને બોલાવીને યાવત્ સુરેન્દ્રના અભિગમન યોગ્ય વિમાનને કરીને, મારી આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે પદાતી સેના નાયકે સુસ્વરા ઘંટા વગાડીને સર્વ દેવ–દેવીઓને સૂચના કરો. તેઓએ યાન વિમાનની વિકુર્વણા કરી. તે વિમાન ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ હતું. ૬૨॥ યોજન ઊંચું હતું, ૨૫ યોજન ઊંચો મહેન્દ્ર ધ્વજ હતો, શેષ સર્વે કથન સૂર્યાભદેવ માફક કહેવું. યાવત્ તે ચંદ્ર ઈન્દ્ર ભગવંત પાસે આવ્યો. ભગવંત સન્મુખ નૃત્યવિધિ દેખાડી પાછો ગયો.

ભગવન્ ! એમ સંબોધન કરી ગૌતમસ્વામીએ પૂછ્યું–તે દેવની ઋદ્ધિ ક્યાં ગઈ? ભગવંતે કૂટાગાર શાલાના દષ્ટાંતથી ઉત્તર આપ્યો કે તે ઋદ્ધિ તે દેવના શરીરમાં અનુપ્રવેશી ગઈ.

ગૌતમસ્વામીએ ચંદ્રદેવના પૂર્વભવની પૃચ્છા કરી, ભગવંતે કહ્યું– તે કાળે તે સમયે, શ્રાવસ્તી નામે નગરી હતી, ત્યાં કોષ્ઠક નામે ચૈત્ય હતું. ત્યાં અંગતિ નામે ગાથાપતિ હતો, જે ધનાઢ્ય યાવત્ અપરિભૂત હતો. તે ગાથાપતિ શ્રાવસ્તી નગરીમાં (ઉપાસકદશા વર્ણિત) આનંદ શ્રાવકવત્ બહુમાન્ય આદિ હતો.

તે કાળે ભગવંત મહાવીર સમાન શ્રી પુરુષાદાનીય પાર્શ્વ અરહંત હતા, જે નવ હાથ ઊંચા, ૧૬,૦૦૦ શ્રમણો, અને ૩૮,૦૦૦ શ્રમણીઓ સાથે યાવત્ કોષ્ઠક ચૈત્યે સમોસર્યા.

તે વૃત્તાંત જાણી અંગતિ ગાથાપતિ 'કાર્તિક શ્રેષ્ઠી'ની જેમ હર્ષિત થઈ નીકળે છે. યાવત્ પાર્શ્વ અરહંતની પર્યુપાસના કરે છે. ધર્મ સાંભળી, સમજી તે બોલ્યો – દેવાનુપ્રિય ! હું મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી આપની પાસે યાવત્ દીક્ષા લેવા ઈચ્છું છું. પછી તે અંગતી એ ગંગદત્તની જેમ દીક્ષા લીધી યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયા.

પછી તે અંગતિ અણગાર પાર્શ્વ અરહંતના તથારૂપ સ્થવિર પાસે સામાયિકાદિ ૧૧–અંગ ભણ્યો. ઘણા ઉપવાસાદિથી યાવત્ આત્માને ભાવિત કરતા, ઘણા વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને અર્ધમાસિકી સંલેખનાથી ૩૦ ભક્તોને અનશનથી છેદીને વિરાધિત શ્રામણ્યથી કાળ કરી ચંદ્રાવતંસક વિમાનમાં, ઉપપાત સભામાં દેવશયનીયમાં,

દેવદૂષ્યાંતરિત જ્યોતિષ્કેન્દ્ર ચંદ્રરૂપે ઉપજ્યો.

ત્યારે તે અધુનોત્પન્ન જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર પંચવિધ પર્યાપ્ત વડે પર્યાપ્તિ ભાવ પામ્યો.

ભગવન્ ! ચંદ્રની ત્યાં કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! લાખ વર્ષાધિક એક પલ્યોપમ. ગૌતમ ! ચંદ્ર યાવત્ જ્યોતિષરાજે તે દિવ્ય દેવ ઋદ્ધિ એ રીતે મેળવી.

ભગવન્ ! ચંદ્ર તે દેવલોકથી આયુક્ષયથી ચ્યવીને ક્યાં જશે ? ગૌતમ ! તે મહાવિદેહે મોક્ષે જશે.

હે જંબૂ ! મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવંત મહાવીરે પુષ્પિકા ઉપાંગના પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

મુનિ દીપરત્નસાગરે અધ્યયન–૧ નો કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૨ 'સૂર્ય'

સૂત્ર–૪

ભગવન્ ! શ્રમણ ભગવંત મહાવીરે જો પુષ્પિકાના અધ્યયન–૧–નો યાવત્ આ અર્થ કહ્યો. તો ભગવંત મહાવીરે બીજા અધ્યયનનો શો અર્થ કહેલ છે ?

હે જંબૂ ! તે કાળેતે સમયે રાજગૃહ નામે નગર હતું, ગુણશીલ નામે ચૈત્ય હતું, ત્યાં શ્રેણિક રાજા હતો.

સમોસરણ થયું અર્થાત શ્રમણ ભગવંત મહાવીરે પધાર્યા, ચંદ્રની જેમ સૂર્ય પણ દર્શનાર્થે આવ્યો યાવત્ નૃત્યવિધિ દેખાડી, પાછો ગયો.

ગૌતમસ્વામીએ સૂર્યદેવના પૂર્વભવ સંબંધી પૃચ્છા કરી.

ભગવંતે જણાવ્યું કે– ત્યારે શ્રાવસ્તી નામે નગરી હતી, ત્યાં સુપ્રતિષ્ઠ નામે ગાથાપતિ હતો, તે અંગતિ ગાથાપતિની માફક વિચરે છે.

તે અવસરે પાર્શ્વનાથ પ્રભૂ પધાર્યા, અંગતિની માફક સુપ્રતિષ્ઠ ગાથાપતિએ પણ દીક્ષા લીધી, શ્રામણ્યની વિરાધના કરી. કાળ કરીને સૂર્યવિમાને ઉત્પન્ન થયા, ત્યાંથી ચ્યાવીને મહાવિદેહમાં જન્મ લઇ, મોક્ષે જશે.

હે જંબૂ ! મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવંત મહાવીરે પુષ્પિકા ઉપાંગના બીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

મુનિ દીપરત્નસાગરે અધ્યયન–૨ નો કરેલ અનુવાદ પૂર્ણ

# અધ્યયન–૩ ' શુક્ર'

સૂત્ર–૫ થી ૭

૫. ભગવન્ ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવંત મહાવીરે પુષ્પિકા ઉપાંગના બીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે તો, ભગવંત મહાવીરે ત્રીજા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જમ્બૂ ! તે કાળે રાજગૃહ નામે નગર હતું, ગુણશીલ નામે ચૈત્ય હતું, ત્યાં શ્રેણિક નામે રાજા હતો. કોઈ દિવસે ભગવંત મહાવીર સ્વામી સમોસર્યા, દર્શનાર્થે પર્ષદા નીકળી.

તે કાળે તે સમયે મહાગ્રહ શુક્ર દેવ, શુક્રાવતંસક વિમાનમાં શુક્ર સિંહાસનમાં, ૪૦૦૦ સામાનિક દેવો સાથે પરિવરીને ચંદ્રની જેમ યાવત્ ત્યાં આવ્યો. ભગવંત મહાવીરને નૃત્યવિધિ દેખાડી, પાછો ગયો.

ગૌતમસ્વામીએ ભગવંતને શુક્ર દેવની ઋદ્ધિ વિષે પ્રશ્ન કર્યો, ભગવંતે કૂટાગારશાલા દષ્ટાંતથી ગૌતમ સ્વામીની જિજ્ઞાસાનું સમાધાન કર્યું. ગૌતમે શુક્ર દેવના પૂર્વભવની પૃચ્છા કરતા ભગવંતે કહ્યું–

ગૌતમ ! તે કાળે તે સમયે વારાણસી નામે નગરી હતી. ત્યાં સોમિલ નામે બ્રાહ્મણ રહેતો હતો. તે ધનાઢ્ય યાવત્ અપરિભૂત હતો અને ઋગ્વેદઆદિ શાસ્ત્રોનો જ્ઞાતા યાવત્ અન્ય બ્રાહ્મણ શાસ્ત્રોમાં સુપરિનિષ્ઠિત હતો. ભગવંત પાર્શ્વ પધાર્યા. પર્ષદા દર્શનાર્થે નીકળી યાવત પર્યુપાસના કરે છે.

સોમિલ બ્રાહ્મણે આ વૃત્તાંત જાણતા આવા પ્રકારે સંકલ્પ થયો. આ અરહંત પુરુષાદાનીય પાર્શ્વ પૂર્વાનુપૂર્વી થકી વિહાર કરતા યાવત્ આમ્રશાલ વનમાં પધારી વિચરે છે, તો હું પાર્શ્વ અરહંત પાસે જઉં. આ આવા સ્વરૂપના અર્થો અને હેતુઓને પૂછું જેમ ભગવતીજી સૂત્રમાં કહેલ છે.

સોમિલ બ્રાહ્મણ, વિદ્યાર્થી રહિત એકલો નીકળ્યો. યાવત્ ભગવંત પાર્શ્વ પાસે પહોંચીને આ પ્રમાણે કહે છે – ભગવન્ ! આપને યાત્રા છે ? યાપનીય છે ? એ રીતે સરસવ, અડદ, કુલત્થાદિની પૃચ્છા કરે છે. ભગવતીજી સૂત્રમાં બતાવેલ સંવાદ મુજબ અહી પણ સોમિલ બ્રાહ્મણ યાવત્ બોધ પામ્યો. પછી શ્રાવક ધર્મ સ્વીકારીને ગયો.

ત્યારપછી પાર્શ્વ અરહંત અન્ય કોઈ દિને વારાણસી નગરીના આમ્રશાલવન ચૈત્યથી નીકળ્યા, બહાર જનપદ વિહારે વિચરવા લાગ્યા.

ત્યારપછી તે સોમિલ બ્રાહ્મણ અન્ય કોઈ દિવસે સાધુના દર્શન અને પર્યુપાસના રહિત થઈ મિથ્યાત્વ–પર્યાયોથી વધતો અને સમ્યક્ત્વ પર્યાયોથી ઘટતો મિથ્યાત્વને પામ્યો.

ત્યારે સોમિલબ્રાહ્મણને કોઈ દિવસે મધ્યરાત્રિમાં કુટુંબ જાગરિકાથી જાગતા આવો સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. હું નિશ્ચે વારાણસી નગરીમાં સોમિલ નામે બ્રાહ્મણ અતિ મોટા કુળમાં ઉત્પન્ન થયેલો છું, તેથી મેં વ્રતો આચર્યા છે, વેદ ભણ્યો, સ્ત્રી સાથે લગ્ન કર્યા, પુત્રો થયા, ઘણી સમૃદ્ધિ પામ્યો, પશુવધ કર્યા, યજ્ઞો કર્યા, દક્ષિણા આપી, અતિથિ પૂજ્યા, અગ્નિહોત્ર કર્યા, યજ્ઞસ્તંભ નાંખ્યા. તેથી કાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થતા વારાણસી બહાર ઘણા આંબાના વનો રોપવા. એ રીતે બીજોરાં, બિલા, કોઠા, આંબલીના વન તથા પુષ્પના બગીચા રોપવા શ્રેયસ્કર છે. એમ વિચારીને યાવત્ તે પ્રમાણે કર્યું.

પછી ઘણા આમ્રવન યાવત્ પુષ્પ બગીચાને અનુક્રમે સંરક્ષતા, સંગોપતા, સંવર્દ્ધિત કરતા બગીચાઓ કૃષ્ણ–કૃષ્ણાવભાસ યાવત્ રમ્ય, મહામેઘ નિકુરંબરૂપ, પત્રિત–પુષ્પિત–ફલિત–હરિત શોભાયમાન અને શ્રી વડે અત્યંત ઉપશોભિત થઈ ગયા. પછી સોમિલ બ્રાહ્મણને કોઈ દિવસે મધ્યરાત્રિમાં કુટુંબ જાગરિકાથી જાગતા આવો સંકલ્પ થયો કે– નિશ્ચે હું વારાણસી નગરીનો સોમિલ બ્રાહ્મણ યાવત્ મેં યજ્ઞસ્તંભ રોપ્યા. પછી વારાણસી નગરી બહાર ઘણા આમ્રવન યાવત્ પુષ્પ બગીચા રોપ્યા. મારે એ શ્રેયસ્કર છે કે –

કાલે યાવત્ સૂર્ય પ્રકાશિત થતા ઘણા લોહકડાહ–કડછાં, તાંબી, તાપસના ભાંડ ઘડાવીને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ કરાવી, મિત્રાદિને આમંત્રી, તેમને વિપુલ અશન યાવત્ સન્માનિત કરી, તેમની સામે મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી, તે મિત્રાદિને પૂછી, ઘણા લોહકડાયાદિ લઈને આ આ ગંગાકુળે વનપ્રસ્થ તાપસ થાઉં,

તે આ રીતે – હોત્રિક, પોત્રિક, કોત્રિક, જનંતી, સઢ્ઢતી, ઘાલતી, હુંબઉટ્ઠા, દંતુખ્ખલિયા, ઉમ્મજ્જગ, સંમજ્જગ, નિમ્મજ્જગ, સંપ્રક્ષાલક, દક્ષિણકુલા, ઉત્તરકુલા, શંખધમા, કૂલધમા, મૃગલુબ્ધકા, હસ્તિ તાપસ, ઉદ્દંડ, દિશાપ્રૌક્ષિક, વલ્કવાસી, બિલવાસી, જલવાસી, રૂક્ષમૂલિક, અંબુભક્ષી, વાયુભક્ષી, સેવાલભક્ષી, મૂલાહારી, કંદાહારી, ત્વચાહારી, પત્રાહારી, પુષ્પાહારી, ફલાહારી, બીજાહારી, પરિસડિત કંદમૂલ–ત્વચા–પત્ર–પુષ્પ–ફલાહારી, જલાભિષેકથી કઠિન શરીરવાળા, આતાપનાથી અને પંચાગ્નિતાપથી અંગાર પક્વ અને કંદુપક્વ સમાન પોતાને કરીને વિચરે છે.

તેમાં જે દિશાપ્રૌક્ષિક તાપસો છે, તેમની પાસે દિશાપ્રૌક્ષિકપણે પ્રવ્રજ્યા લઈશ. લઈને આવા પ્રકારે અભિગ્રહ કરીશ – મારે જાવજ્જીવ છઠ્ઠ–છઠ્ઠના અનિક્ષિપ્ત દિશાચક્રવાલ તપોકર્મથી ઊંચી બાહા રાખીને, સૂર્યાભિમુખ આતાપના ભૂમિમાં આતાપના લેતા વિચરવું કલ્પે, એમ વિચારી કાલે અર્થાત બીજા દિવસે યાવત્ સૂર્ય પ્રકાશિત થતા ઘણા લોહકડાયા યાવત્ દિશાપ્રૌક્ષિક તાપસપણે પ્રવ્રજિત થયા, થઈને આ આવા પ્રકારે અભિગ્રહ યાવત્ ગ્રહણ કરીને પહેલો છઠ્ઠ તપ સ્વીકારીને વિચરે છે.

ત્યારપછી સોમિલ બ્રાહ્મણ ઋષિ પહેલી છઠ્ઠના પારણે આતાપના ભૂમિથી ઉતર્યા, વલ્કલના વસ્ત્ર પહેરી પોતાના ઝૂંપડે આવ્યા, આવીને વાંસની કાવડ લીધી, લઈને પૂર્વ દિશાનું પ્રોક્ષણ કર્યું. પૂર્વ દિશાના સોમ લોકપાલ પ્રસ્થાન માર્ગે ચાલેલા સોમિલ બ્રાહ્મણ ઋષિનું રક્ષણ કરો. એમ પ્રાર્થી ત્યાંના કંદ, મૂલ, છાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ અને હરિત લેવાની આજ્ઞા આપો. એમ કહી પૂર્વ દિશામાં ચાલ્યો. ત્યાંના જે કંદાદિ હતા તે ગ્રહણ કર્યા. તેનાથી વાંસની કાવડ ભરી. દર્ભ, કુશ, પત્રામોડ, સમિધ અને કાષ્ઠ લીધા. લઈને ઝૂંપડીએ આવ્યા. કાવડ નીચે મૂકી, વેદિકા બનાવી, છાણ વડે લીંપીને સંમાર્જન કર્યું, હાથમાં દર્ભ અને કળશ લીધા. ગંગા નદીએ જઈને તેમાં પ્રવેશી જલમજ્જન કર્યું. જળક્રીડા કરી, જલાભિષેક કર્યો. આચમન કર્યું. ચોખ્ખો થયો.

પછી દેવ અને પિતૃનું કાર્ય કર્યું. દર્ભ અને કળશ હાથમાં રાખી, ગંગા નદીની બહાર નીકળ્યો. નીકળીને પોતાની ઝૂંપડીએ આવ્યો. દર્ભ, કુશ અને માટીની વેદિકા કરી, સરક કર્યું, અરણી કરી, સરક વડે અરણીનું મથન કર્યું, અગ્નિ સળગાવ્યો, અગ્નિ પ્રદીપ્ત કર્યો, સમિધના લાકડા નાંખ્યા, અગ્નિ દેદીપ્યમાન કર્યો. કરીને અગ્નિની જમણી બાજુ સાત અંગની સ્થાપના કરી, તે આ પ્રમાણે –

૬. સકથ, વલ્કલ, સ્થાન, શય્યા, ભાંડ, કમંડલ, દંડદારુ અને આત્મ પોતાને..

૭. પછી મધ, ઘી, ચોખા વડે અગ્નિમાં હોમ કર્યો, ચરુ સાધ્યો. બલિ વડે વૈશ્વદેવ કર્યો. અતિથિની ભોજનાદિ વડે પૂજા કરી. પછી પોતે આહાર કર્યો.

પછી સોમિલ બ્રાહ્મણ ઋષિએ બીજા છઠ્ઠના પારણે તે બધું જ કહેવું. યાવત્ આહાર કર્યો. વિશેષ એ – દક્ષિણ દિશામાં યમ લોકપાલને પ્રાર્થના કરી – સોમિલ બ્રહ્મર્ષિની રક્ષા કરો, જે ત્યાં કંકાદિ છે, તેની યાવત્ અનુજ્ઞા આપો, એમ કહી દક્ષિણ દિશામાં ચાલ્યો.

એ રીતે પશ્ચિમમાં વરુણ લોકપાલ યાવત્ પશ્ચિમ દિશામાં ચાલ્યો.

ઉત્તરમાં વૈશ્રમણ લોકપાલ યાવત્ ઉત્તર દિશામાં ચાલ્યો. પૂર્વ દિશાના આલાવાની માફક ચારે દિશા કહેવી.

ત્યારપછી તે સોમિલ બ્રહ્મર્ષિ અન્ય કોઈ દિને મધ્યરાત્રિ સમયે અનિત્ય જાગરિકાથી જાગતા, આવા પ્રકારે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો – હું વારાણસી નગરીનો સોમિલ બ્રહ્મર્ષિ, અતિ ઉચ્ચ બ્રાહ્મણકુળમાં જન્મ્યો. મેં

વ્રત લીધા યાવત્ યજ્ઞસ્તંભ રોપ્યા. પછી પુષ્પના બગીચા રોપ્યા ઇત્યાદિ પૂર્વવત્ – × - હવે મારે એ શ્રેયસ્કર છે કે કાલે સવારે અર્થાત બીજા દિવસે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થતા ઘણા જોયેલા આદિ અને પૂર્વ સંગતિક તથા પર્યાય–સંગતિકને પૂછીને તથા આશ્રમમાં રહેલા સેંકડો મૃગાદિ સત્ત્વોનું સન્માન કરીને, વલ્કલવસ્ત્ર પહેરી, વાંસની કાવડ તથા ભંડોપગરણને લઈને કાષ્ઠ મુદ્રાથી મુખ બાંધીને ઉત્તર દિશામાં ઉત્તર તરફ મુખ રાખીને મહાપ્રસ્થાન માર્ગે ચાલવું. એમ વિચારી બીજે દિવસે પ્રાતઃકાળે યાવત્ કાષ્ઠમુદ્રાથી મુખ બાંધીને આવા પ્રકારનો અભિગ્રહ ધારણ કર્યો–

હું જ્યાં હોઉં તે જળ–સ્થળ–દુર્ગ–નિમ્નપ્રદેશ પર્વત–વિષમ–ગર્ત્તા કે દરીમાં ક્યાંય સ્ખલના પામું કે પડું તો મારે ઊભા થવું ન કલ્પે, એમ વિચારી આ આવો અભિગ્રહ ગ્રહણ કરે છે.

ઉત્તર દિશામાં ઉત્તર તરફ મુખ રાખી મહાપ્રસ્થાન માર્ગે ચાલ્યો એવો તે સોમિલ બ્રહ્મર્ષિ મધ્યાહ્ન કાળે શ્રેષ્ઠ અશોકવૃક્ષ પાસે આવ્યો. તેની નીચે કાપડ સ્થાપી, વેદિકા રચી, ઉપલેપન–સંમાર્જના કરી, દર્ભ અને કળશ હાથમાં લઈને ગંગા મહાનદીએ ગયો. ભગવતીજી સૂત્રમાં વર્ણિત 'સિવ'ની માફક યાવત્ ગંગા મહાનદીથી બહાર નીકળ્યો. શ્રેષ્ઠ અશોકવૃક્ષ પાસે આવ્યો. દર્ભ–કુશ–માટી વડે વેદિકા રચી, શરક કર્યું યાવત્ બલિ સાધીને વૈશ્વદેવ કર્યો, કરીને કાષ્ઠમુદ્રાથી મુખ બાંધી મૌન રહ્યો.

પછી તે સોમિલ બ્રાહ્મણ ઋષિ પાસે મધ્યરાત્રિએ એક દેવ પ્રગટ થયો. પછી તે દેવે સોમિલ બ્રાહ્મણને એમ કહ્યું – ઓ સોમિલ બ્રાહ્મણ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે.

ત્યારે તે સોમિલે તે દેવના બે–ત્રણ વખત કહેલ આ વાતનો આદર ન કર્યો, જાણી નહીં યાવત્ મૌન રહ્યો. ત્યારે તે દેવ સોમિલ દ્વારા અનાદર પામતા જે દિશામાંથી આવેલ તે જ દિશામાં પાછો ગયો.

પછી તે સોમિલ બીજે દિવસે યાવત્ સૂર્ય જ્વલંત થતા વલ્કલના વસ્ત્ર પહેરી કાવડ લઈ, અગ્નિહોત્રના ભાંડોપકરણ લઈ કાષ્ઠમુદ્રા વડે મુખ બાંધી ઉત્તરાભિમુખ ચાલ્યો.

પછી તે સોમિલ બીજે દિવસે મધ્યાહ્ન કાળે જ્યાં સપ્તપર્ણ વૃક્ષ નીચે કાવડ સ્થાપી, વેદિકા રચી, શ્રેષ્ઠ અશોકવૃક્ષે યાવત્ અગ્નિ હોમ કર્યો. કાષ્ઠમુદ્રાથી મુખ બાંધ્યું, મૌન રહ્યો. ત્યારે તે સોમિલની પાસે મધ્યરાત્રિ કાળ સમયમાં એક દેવ પ્રગટ થયો. તે દેવે આકાશમાં રહી શ્રેષ્ઠ અશોકવૃક્ષવત્ યાવત્ પાછો ગયો.

પછી તે સોમિલ કાલે યાવત્ સૂર્ય પ્રકાશતા વલ્કલના વસ્ત્રો પહેર્યા, કાવડ લીધી, કાષ્ઠ મુદ્રાથી મુખ બાંધ્યું. ઉત્તર દિશામાં ઉત્તરાભિમુખ ચાલ્યો.

પછી સોમિલ ત્રીજા દિવસે મધ્યાહ્ન કાળે શ્રેષ્ઠ અશોકવૃક્ષ પાસે આવ્યો. ત્યાં નીચે કાવડ રાખી, વેદિકા રચી યાવત્ ગંગા નદીથી બહાર આવ્યો. યાવત્ પૂર્વવત્ મૌન રહ્યો. મધ્યરાત્રિએ સોમિલ પાસે એક દેવ પ્રગટ થયો. પૂર્વવત્ બોલીને પાછો ગયો.

પછી સોમિલે યાવત્ સૂર્ય પ્રકાશિત થતાં વલ્કલ વસ્ત્ર પહેર્યા. તે ઉત્તરમાં ચાલ્યો. ચોથે દિવસે મધ્યાહ્ને વડના વૃક્ષ નીચે કાવડ રાખી મૌન રહ્યો. ત્યારે મધ્યરાત્રિએ સોમિલ પાસે એક દેવ પ્રગટ થયો, તે પ્રમાણે બોલીને પાછો ગયો.

પૂર્વવત્ યાવત્ પાંચમે દિવસે મધ્યાહ્ન કાળે ઉંબર વૃક્ષ નીચે કાવડ રાખી આદિ પૂર્વવત્ કર્યું, ત્યારે મધ્ય રાત્રિએ એક દેવ તેની પાસે આવ્યો. ઓ સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે, એક વખત બોલ્યો, સોમિલ પૂર્વવત્ મૌન રહ્યો. દેવે બીજી–ત્રીજી વખત પણ તેમ કહ્યું. ત્યારે સોમિલે તે દેવને એમ કહેતા સાંભળી તે દેવને પૂછ્યું – કઈ રીતે મારી દુષ્પ્રવ્રજ્યા છે ?

ત્યારે દેવે સોમિલ બ્રાહ્મણને કહ્યું – હે દેવાનુપ્રિય ! નિશ્ચે તમે પાર્શ્વ અરહંત પાસે પાંચ અણુવ્રત, સાત

શિક્ષાવ્રત એમ બાર ભેદે શ્રાવક–ધર્મ સ્વીકાર્યો હતો, ત્યાર પછી સુસાધુના દર્શન અને ઉપદેશના સંયોગના અભાવે સમ્યક્ત્વના પર્યાયો ઘટતા અને મિથ્યાત્વના પર્યાયો વધતા તમે શ્રાવક ધર્મ છોડીને આ દિક્ષા અંગીકાર કરી.

ત્યાર પછી પ્રથમ દિવસે જ હું મધ્યરાત્રિના સમયે તમને પ્રતિબોધ કરવા હું આવ્યો. એ પ્રમાણે ચાર દિવસ સુધી તમને પ્રતિબોધ કરવા આવ્યો, પણ તમે તે વાતનો આદર ન કર્યો. આજે પાચમાં દિવસે પણ તમે એ પ્રમાણે જ હોમ આદિ કરી, ફરી બેસી ગયા. હે દેવાનુપ્રિય ! આ તમારી દુષ્પ્રવ્રજ્યા છે.

ત્યારે સોમિલ બ્રાહ્મણે કહ્યું કે– હે દેવાનુપ્રિય ! આપ જ બતાવો કે મારી પ્રવ્રજ્યા કઈ રીતે સુપ્રવ્રજ્યા થાય ? ત્યારે તે દેવે કહ્યું– હે દેવાનુપ્રિય ! જો તમે આ પૂર્વે સ્વીકારેલ પાંચ અણુવ્રતો સ્વયં જ સ્વીકારીને વિચરો, તો તમારી આ પ્રવ્રજ્યા, સુપ્રવ્રજ્યા થશે. ત્યારે તે દેવ સોમિલને વાંદે છે, નમે છે, પછી જે દિશામાંથી આવ્યો ત્યાં પાછો ગયો.

પછી સોમિલ બ્રાહ્મણ ઋષિ તે દેવે એમ કહેતા, પૂર્વે સ્વીકારેલ પાંચ અણુવ્રત સ્વયં જ સ્વીકારીને વિચરે છે. પછી સોમિલ ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ યાવત્ માસક્ષમણાદિ વિવિધ તપ–ઉપધાન વડે પોતાને ભાવિત કરતો ઘણા વર્ષો શ્રાવક પર્યાય પાળીને અર્ધમાસિકી સંલેખનાથી આત્માને ઝોસિત કરી ૩૦ ભક્તથી અનશનથી છેદીને તે સ્થાનના આલોચના પ્રતિક્રમણ ન કરીને વિરાધિત સમ્યક્ત્વથી કાળ કરીને શુક્રાવતંસક વિમાનમાં ઉપપાતસભામાં દેવ શયનીયમાં યાવત્ તે અવગાહનાથી શુક્ર મહાગ્રહપણે ઉત્પન્ન થયો.

પછી તે નવો ઉત્પન્ન શુક્ર મહાગ્રહે યાવત્ ભાષામનઃપર્યાપ્તિ પુરા કર્યા, એ રીતે હે ગૌતમ ! શુક્ર મહાગ્રહે તે દિવ્ય યાવત્ દેવ ઋદ્ધિ અભિસમન્વાગત કરી છે. ત્યાં શુક્રદેવની એક પલ્યોપમ સ્થિતિ છે.

ભગવાન ! તે શુક્રદેવ દેવલોકથી આયુક્ષય થતા ક્યાં જશે ? તે મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે.

હે જંબૂ ! મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવંત મહાવીરે પુષ્પિકા ઉપાંગના ત્રીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

મુનિ દીપરત્નસાગરે અધ્યયન–૩ નો કરેલ અનુવાદ પૂર્ણ

# અધ્યયન–૪ ' બહુપુત્રિકા'

સૂત્ર–૮

ભગવન્ ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવંત મહાવીરે પુષ્પિકા ઉપાંગના ત્રીજા અધ્યયનનો આ અર્થ કહ્યો છે તો, ભગવંત મહાવીરે ચોથા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

નિશ્ચે હે જંબૂ! તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતુ, ગુણશીલ નામે ચૈત્ય હતુ, શ્રેણિક નામે રાજા હતો.

ભગવંત મહાવીર સ્વામી સમોસર્યા, પર્ષદા દર્શનાર્થે નીકળી.

તે કાળે તે સમયે બહુપુત્રિકા દેવી સૌધર્મકલ્પમાં બહુપુત્રિકા વિમાનમાં સુધર્માસભામાં બહુપુત્રિકા સિંહાસને ૪૦૦૦ સામાનિકો, ચાર મહત્તરિકાદિ દેવો સહિત 'સૂર્યાભદેવ' સમાન ભોગ ભોગવતી વિચરતી હતી. આ સંપૂર્ણ જંબૂદ્વીપ દ્વીપને વિપુલ અવધિજ્ઞાન વડે અવલોકતી, જોતી, શ્રમણ ભગવન્ મહાવીરને જુએ છે. સૂર્યાભદેવ સમાન યાવત્ નમીને સિંહાસને પૂર્વાભિમુખ બેઠી.

ત્યારે તે દેવીને આવા પ્રકારે મનોગત સંકલ્પ થયો હું ભગવંતના દર્શનાર્થે જાઉં. તેણીએ આભિયોગિક દેવોને બોલાવ્યા, એ રીતે સૂર્યાભદેવની માફક યાવત આભીયોગિક દેવોએ ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ યાવત્ એવા યાન વિમાનની વિકુર્વણા કરી. દેવલોકથી નીકળવાના ઉત્તરના નિર્યાણ માર્ગથી હજારો યોજનના પગલા વડે ગમન કરીને સૂર્યાભની જેમ ભગવંત પાસે આવી, ધર્મકથા સમાપ્ત થઈ.

પછી તે બહુપુત્રિકા દેવીએ દક્ષિણી ભૂજા પ્રસારી, ૧૦૮ દેવકુમારો, ડાબી ભૂજાથી ૧૦૮ દેવકુમારીઓ, પછી ઘણા દારિકા, ડિંબ અને ડિંભિકા વિકુર્વ્યા. સૂર્યાભ દેવની જેમ નૃત્યવિધિ દેખાડીને ગઈ.

ભંતે ! ગૌતમસ્વામીએ એમ કહી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને યાવત્ બહુપુત્રિકા દેવીની તે દિવ્ય દેવર્દ્ધિની પૃચ્છા કરી, યાવત્ કઈ રીતે સન્મુખ આવી તે વિષયે પૂછ્યું.

ગૌતમ! તે કાળે તે સમયે વારાણસી નગરી હતી, આમ્રશાલવન ચૈત્ય હતું. ત્યાં વારાણસી નગરીમાં ભદ્ર સાર્થવાહ હતો. તે ધનાઢ્ય યાવત અપરિભૂત હતો. તેને સુભદ્રા નામે સુકુમાલ, વંધ્યા પત્ની હતી. તેણી અપ્રસૂતા હોવાથી માત્ર કોણી અને ઢીંચણની માતા હતી.

ત્યારપછી તે સુભદ્રા સાર્થવાહીને અન્ય કોઈ દિને મધ્યરાત્રિ કાળે કુટુંબ જાગરિકા કરતા આવો સંકલ્પ ઉત્પન્ન થયો – નિશ્ચે હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ ભોગોપભોગ ભોગવતા વિચરું છું. પણ એક પણ બાળક કે બાલિકાનો પ્રસવ ન થયો, તે માતાઓ ધન્ય છે યાવત્ તે માતાનો મનુષ્યજન્મ અને જીવિતનું ફળ સુલબ્ધ છે, જેમની પોતાની કુક્ષિથી ઉત્પન્ન બાળકો સ્તનનું દૂધ પીવામાં લુબ્ધ થયેલા, મધુર ઉલ્લાપને કરનારા, અવ્યક્ત વચન બોલનારા, સ્તનના મૂળથી કક્ષાના દેશભાગ સુધી ફરતા ફરતા દૂધપાન કરે છે, એમ હું માનું છું. વળી તે માતાઓ પોતાના કોમળ કમળ જેવા બે હાથ વડે ખોળામાં બેસાડે છે, મધુર સમુલ્લાપને આપે છે, વારંવાર મનોહર વચનો બોલે છે, હું તો અધન્ય–અપુણ્ય–અકૃત પુણ્ય છું, જેથી ઉક્ત એક પણ બાળકને પામી નથી. એ રીતે વિચારી અપહત મનવાળી થઈ યાવત્ ચિંતામગ્ન બેઠી.

તે કાળે તે સમયે સુવ્રતા આર્યા કે જે ઈર્યા, ભાષા, એષણા, આદાનભાંડમાત્રનિક્ષેપણા, ઉચ્ચારપ્રસ્રવણ ખેલજલ્લસિંઘાણપારિષ્ઠાપનિકી સમિતિવાળા, મન–વચન–કાય ગુપ્તિવાળા, ગુપ્તેન્દ્રિયા, ગુપ્ત બ્રહ્મચારિણી, બહુશ્રુતા, બહુપર્યાયા હતા તે પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ જતા વારાણસી નગરી પધાર્યા. પછી યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી વિચરે છે.

ત્યારે તે સુવ્રતા આર્યાના એક સંઘાટક વારાણસીમાં ઉંચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાર્થે

અટન કરતા ભદ્ર સાર્થવાહના ઘરમાં પ્રવેશ્યા, સુભદ્રા સાર્થવાહીએ તે આર્યાઓને આવતા જોયા, જોઈને હર્ષિત થઈ, આસનેથી ઉઠી, સાત–આઠ ડગલા સન્મુખ ગઈ, વંદન–નમસ્કાર કર્યા, વિપુલ અશનાદિ વડે પ્રતિલાભીને આ પ્રમાણે બોલી –

હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ સમૃદ્ધિવાળા શબ્દાદિ કામભોગને ભોગવતી રહું છું. તો પણ મને પુત્ર કે પુત્રીની પ્રાપ્તિ થઈ નથી. ઈત્યાદિ. હે આર્યાઓ ! તમે ઘણું જાણો છો, ઘણું ભણ્યા છો, ઘણા ગામ, નગર યાવત્ સંનિવેશમાં વિચરો છો, ઘણા રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહાદિના ગૃહમાં પ્રવેશો છો, તો તેવો કોઈ વિદ્યાપ્રયોગ, મંત્રપ્રયોગ, વમન, વિરેચન, બસ્તિકર્મ, ઔષધ, ભૈષજ કંઈપણ જાણો છો કે જેથી મને પુત્ર કે પુત્રી થાય ?

ત્યારે તે આર્યાઓએ સુભદ્રા સાર્થવાહીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયા ! અમે શ્રમણી, નિર્ગ્રન્થી, ઈર્યા સમિતા યાવત્ ગુપ્ત બ્રહ્મચારીણી છીએ. અમને આવી વાત કાનથી પણ સાંભળવી કલ્પતી નથી, તો તેને કહેવાનું કે આચરવાનું તો કલ્પે જ કેમ?

પણ હે દેવાનુપ્રિયા ! અમે તને કેવલી ભગવંત પ્રરૂપિત ધર્મ જ કહીએ છીએ. પછી સુભદ્રા સાર્થવાહી, તે આર્યા પાસે ધર્મ સાંભળી, સમજી, હર્ષિત–સંતુષ્ટ થઈ, તે આર્યાને ત્રણ વખત વંદન–નમન કરીને બોલી – હે આર્યાઓ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ કરું છું, હે આર્યા નિર્ગ્રન્થીઓ! તે એમ જ છે, તેમજ છે, યાવત્ શ્રાવકધર્મ અંગિકાર કરવા ઇચ્છું છું.

દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારે તે સુભદ્રાએ તે આર્યાઓ પાસે યાવત્ શ્રાવક ધર્મ સ્વીકારી, તે આર્યાને વંદન–નમન કરી, વિદાય આપી. પછી સુભદ્રા શ્રાવિકા થઈ યાવત્ વિચરવા લાગી. પછી સુભદ્રા શ્રાવિકાને કોઈ દિવસે મધ્યરાત્રિએ કુટુંબ જાગરિકા કરતા વિચાર આવ્યો કે હું ભદ્ર સાર્થવાહ સાથે વિપુલ ભોગ ભોગવતી વિચરું છું, પણ એકે બાળકને જન્મ ન આપ્યો. મારે શ્રેય છે કે કાલે ભદ્ર સાર્થવાહને પૂછીને સુવ્રતા આર્યા પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી.

એમ વિચારી બીજા દિવસે ભદ્ર સાર્થવાહ પાસે આવીને બે હાથ જોડીને બોલી – હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે નિશ્ચે આપની સાથે ઘણા વર્ષો વિપુલ ભોગથી યાવત્ વિચરું છું ઈત્યાદિ. ત્યારે ભદ્ર સાર્થવાહે, સુભદ્રાને કહ્યું – તું હમણા મુંડ યાવત્ પ્રવ્રજિત ન થા. મારી સાથે વિપુલ ભોગ ભોગવ. પછી ભુક્ત ભોગી થઈ સુવ્રતા આર્યા પાસે દીક્ષા લે. ત્યારે સુભદ્રાએ ભદ્રના આ અર્થનો આદર ન કર્યો, જાણ્યો નહીં, બીજી–ત્રીજી વખત ભદ્રા સાર્થવાહીએ કહ્યું કે – હું આપની આજ્ઞા પામીને દીક્ષા લેવા ઇચ્છું છું.

ત્યારે ભદ્ર સાર્થવાહ જ્યારે ઘણી આઘવણા, પન્નવણા, સંજ્ઞાપના, વિજ્ઞાપનાથી તેણીને સમજાવવા યાવત્ સમર્થ ન થયો ત્યારે અનિચ્છાએ સુભદ્રાને નિષ્ક્રમણની અનુજ્ઞા આપી.

પછી ભદ્ર સાર્થવાહે વિપુલ અશન,પાન, ખાદિમ, સ્વાદિમરૂપ ભોજન તૈયાર કરાવ્યા. પોતાના સર્વે મિત્ર, જ્ઞાતિજન, સ્વજન, સંબંધી આદિને આમંત્રણ આપ્યું. પછી ભોજન વેળાએ બધાને ભોજન કરાવી યાવત્ તે મિત્ર, જ્ઞાતિજન આદિનો સત્કાર, સન્માન કરે છે.

પછી સુભદ્રા સાર્થવાહી સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકાર વિભૂષિત થઈ પુરુષસહસ્રવાહિની શિબિકામાં બેઠી. પછી સુભદ્રા મિત્ર, જ્ઞાતિજન, સંબંધી આદિથી યાવત્ પરીવરીને સર્વ ઋદ્ધિથી યાવત્ રવથી વારાણસી નગરીની વચ્ચોવચ્ચથી જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય હતો ત્યાં આવીને પુરુષસહસ્રવાહિની શિબિકા સ્થાપી, સુભદ્રા સાર્થવાહી તેમાંથી નીચે ઊતરી.

પછી ભદ્ર સાર્થવાહ સુભદ્રાને આગળ કરીને સુવ્રતા આર્યા પાસે આવ્યો. સુવ્રતા આર્યાને વંદન–નમસ્કાર

કરીને બોલ્યો – આ સુભદ્રા મારી પત્ની છે. ઇષ્ટ, કાંત છે. યાવત્ તેને વાત–પિત્ત–કફ–સંનિપાતથી વિવિધ રોગાંતક ન સ્પર્શે તે રીતે તેણીને રાખી છે, તે હવે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ, જન્મ મરણથી ડરીને, આપની પાસે મુંડિત થઈ યાવત્ દીક્ષા લેવા ઇચ્છે છે. હું આપને શિષ્યભિક્ષા આપું છું. આપ શિષ્યભિક્ષા સ્વીકાર કરો.

દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારે સુભદ્રાને સુવ્રતા આર્યાએ તેમ કહેતા હર્ષિત થઈ સ્વયં જ આભરણાલંકાર ઉતારે છે, સ્વયં પંચમુષ્ટી લોચ કરે છે, સુવ્રતા આર્યા પાસે આવે છે, ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વાંદી–નમીને એમ કહે છે – સંસાર સળગી રહ્યો છે ઈત્યાદિ યાવત્ ‘ (**ભગવતી સૂત્ર શતક ૯ માં વર્ણિત**) દેવાનંદા’ માફક પ્રવ્રજ્યા લીધી**,** આર્યા યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી થઈ.

પછી તે સુભદ્રા આર્યા અન્ય કોઈ દિવસે ઘણા માણસોના બાળકો ઉપર મૂર્ચ્છાવાળી થઈ યાવત્ આસક્ત થઈ અભ્યંગન, ઉદ્વર્તન, પ્રાસુકપાન, અલત્તક, કંકણ, અંજન, વર્ણક, ચૂર્ણક, ખેલ્લક, ખંજનક, ખીર, પુષ્પની ગવેષણા કરે છે. કરીને ઘણા લોકોના બાલક–બાલિકા, કુમાર–કુમારી, ડિંભ–ડિંભિકામાં કેટલાકનું અભ્યંગન કરે છે, કેટલાકનું ઉદ્વર્તન, એ રીતે અચિત્ત જળથી સ્નાન, પગ રંગે, ઓઠ રંગે, આંખ આંજે, ખોળામાં બેસાડે, તિલક કરે, હીંચોળે, પંક્તિમાં બેસાડે, મુખ ધોવે, વર્ણકથી રંગે, ચૂર્ણ લગાડે, રમકડા આપે, ખાજા ખવરાવે, ખીર ખવડાવે, પુષ્પ સૂંઘાડે, પગે બેસાડે, જાંઘે બેસાડે, સાથળે બેસાડે, એ રીતે કેડે, પીઠે, છાતીએ, મસ્તકે બેસાડી, બે હાથના સંપુટથી ઉછાળે, ગીત ગાય, ગવડાવે એ રીતે પુત્રાદિની પીપાસાને પૂર્ણ કરતી.

ત્યારે સુવ્રતા આર્યાએ સુભદ્રા આર્યાને કહ્યું – આપણે શ્રમણી, નિર્ગ્રન્થી, ઈર્યાસમિતિવાળી, યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી છીએ. આપણને જાતક કર્મ કરવું ન કલ્પે. જ્યારે તું ઘણા બાળકોમાં મૂર્છિત યાવત્ આસક્ત થઈ અભ્યંગનાદિ કરીને રહે છે. તો હે દેવાનુપ્રિયા ! તું આ સ્થાનની આલોચના યાવત્ પ્રાયશ્ચિત્ત કર.

ત્યારે સુભદ્રા આર્યાએ તેમના કથનનો આદર ન કર્યો કે સારો ન માન્યો અને પોતાની રીતે જ રહેવા લાગી. ત્યારે તે શ્રમણી નિર્ગ્રન્થીઓ સુભદ્રા આર્યાની હીલના, નિંદા, ખિંસા, ગર્હા કરવા લાગી અને વારંવાર આ અર્થનું નિવારણ કરવા લાગી.

ત્યારે યાવત્ સુભદ્રા આર્યાને આવો અધ્યવસાય થયો કે – જ્યારે હું ગૃહસ્થાવાસમાં હતી ત્યારે સ્વતંત્ર હતી, પણ મુંડ થઈ–પ્રવ્રજિત થઈ છું ત્યારથી જ પરવશ છું. પહેલાં તો આ શ્રમણીઓ મારો આદર કરતી હતી. હવે નથી કરતી, તો મારે શ્રેયસ્કર છે કે કાલે યાવત્ સૂર્ય દેદીપ્યમાન થતા સુવ્રતા આર્યા પાસેથી નીકળી બીજા ઉપાશ્રય ગ્રહણ કરી વિચરું. યાવત્ તેણી જુદા ઉપાશ્રયે રહેવા લાગી.

ત્યારપછી સુભદ્રા આર્યા બીજા આર્યાઓ દ્વારા ન નિવારાતા સ્વચ્છંદ મતિવાળી થઈ, ઘણા બાળકો ઉપર મૂર્ચ્છા પામી યાવત્ અભ્યંગનાદિ કરતી, યાવત્ પુત્રાદિની પીપાસા અનુભવતી રહી. પછી સુભદ્રા આર્યા પાર્શ્વસ્થા–પાર્શ્વસ્થવિહારી, અવસન્ના, અવસન્નાવિહારી**,** કુશીલા, કુશીલાવિહારી**,** સંસક્તા, સંસક્તાવિહારી**,** યથાછંદા**,** યથાછંદા વિહારી થઈ ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળી, અર્ધમાસિકી સંલેખનાથી ૩૦ ભક્ત અનશન વડે છેદીને તે સ્થાનની આલોચનાપ્રતિક્રમણ ન કરીને કાળમાસે કાળ કરી સૌધર્મકલ્પે બહુપુત્રિકાવિમાનમાં ઉપપાતસભામાં દેવશયનીયમાં દેવદૂષ્યથી અંતરિત, અંગુલના અસંખ્યાતમા ભાગ અવગાહનાથી બહુપુત્રિકા દેવી રૂપે ઉત્પન્ન થઈ. તુરંતની ઉત્પન્ન થયેલ તે બહુપુત્રિકા દેવી પંચવિધ પર્યાપ્તથી યાવત્ ભાષામન પર્યાપ્તિથી પર્યાપ્ત થઈ.

ભગવન્ ! તેને બહુપુત્રિકા દેવી કેમ કહે છે ? ગૌતમ ! તેણીને જ્યારે જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રની સભામાં નાટક કરવા જાય ત્યારે ઘણા બાલક–બાલિકા, ડિંભક–ડિંભિકાને વિકુર્વે છે. પછી શક્રેન્દ્ર પાસે આવી, શક્રને તે દિવ્ય

દેવર્દ્ધિ–દેવદ્યુતિ–દેવાનુભાવ દેખાડે છે, તેથી તે બહુપુત્રિકા દેવી કહેવાય છે .

બહુપુત્રિકા દેવીની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! ચાર પલ્યોપમ.

તેણી દેવલોકથી આયુ–સ્થિતિ–ભવક્ષય પછી ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! આ જ જંબૂદ્વીપમાં વિંધ્યગિરીની તળેટીમાં બિભેલ સંનિવેશમાં બ્રાહ્મણ કુળમાં પુત્રીરૂપે જન્મશે.

પછી તે બાલિકાના માતા–પિતા **૧૧**–મો દિવસ જતા યાવત્ બારમો દિવસ જતા આવું નામ પાડશે. અમારી પુત્રીનું નામ 'સોમા' થાઓ. પછી સોમા બાલ્યભાવથી મુક્ત થઈ, વિજ્ઞાન પરિણત થતા યૌવનને પામી, રૂપ–યૌવન–લાવણ્ય થી ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ શરીરી યાવત્ થશે. પછી સોમાના માતાપિતા, તેણીને યૌવન પામેલી જાણીને પ્રતિકુપિત દ્રવ્યથી, પ્રતિરૂપે કરીને પોતાના ભાણેજ 'રાષ્ટ્રકૂટ'ને પત્નીપણે આપશે.

સોમા પણ તેની ઈષ્ટા, કાંતા યાવત્ ભાંડ કરંડક સમાન, તેલકૈલ સમાન સુસંગોપિત, ચેલપેડાવત્ સુસંપરિક્ષિત, રત્નકરંડક સમાન સુરક્ષિત, સુસંગોપિત હતી યાવત્ રોગાંતકાદિ ન સ્પર્શે તેમ સાચવી હતી.

પછી તે સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટ સાથે વિપુલ ભોગો ભોગવતા પ્રત્યેક વર્ષે યુગલને જન્મ આપતી સોળ વર્ષમાં બત્રીશ બાળકોને જન્મ આપ્યા. પછી તે સોમા બ્રાહ્મણી તે ઘણા બાળક, બાલિકા, કુમાર–કુમારી, ડિંભ–ડિંભિકામાં કેટલાકને ચત્તા કરવા, એ રીતે કેટલાકને સ્તનપાન, સ્તને રાખવા, નાચવું, ઉછળકૂદ, સ્ખલના, દૂધ માંગે, રમકડા–ખાજા–ભાત–પાણી માંગવા વડે.

એ જ પ્રમાણે હસવું, શેષ, આક્રોશ, અતિ આક્રોશ, માર, ભાગવું, પકડવું, રોવું, આક્રંદ, વિલાપ, મોટેથી પોકાર, ઊંચા શબ્દો કરવા, નિદ્રા પામવા, પ્રલાપ કરવો, દાઝવું, વમન, વિષ્ટા, મૂત્ર એ બધાંથી અતિ વ્યાકુળ થશે. તેમના મૂત્ર, વિષ્ટા, વમનથી અતિ લેપાયેલી રહેશે, વસ્ત્રો અતિ મલિન રહેશે, શરીર અતિ દુર્બળ રહેશે યાવત્ અતિ બિભત્સ અને દુર્ગંધવાળી થવાથી રાષ્ટ્રકૂટ સાથે વિપુલ કામભોગ ભોગવી વિચરવા સમર્થ થશે નહીં.

ત્યારપછી સોમા બ્રાહ્મણી અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિમાં કુટુંબ જાગરિકાથી જાગતી હતી ત્યારે આવો સંકલ્પ ઉત્પન્ન થયો. હું આ ઘણા દારક યાવત્ ડિંભિકાથી, જેમાં કેટલાકને ચતા કરવા યાવત્ કેટલાકના મૂત્ર વડે, દુષ્ટ બાળકો વડે, દુષ્ટ જન્મ વડે, વિપ્રહત અને ભગ્ન થયેલ હોવાથી એક પ્રહારથી પડી જવાય તેવી તથા મૂત્રાદિથી લેપાયેલ યાવત્ અતિ દુર્ગંધવાળી હું ભોગ ભોગવવા સમર્થ નથી.

તે માતાઓ ધન્ય છે, યાવત્ તેમનું જીવિત સફળ છે, જે વાંઝણી છે, જેમને પ્રસૂતિ થતી નથી, માત્ર ઢીંચણ અને કોણીની માતા છે. સુરભિ સુગંધ સુગંધિકા, વિપુલ માનુષી ભોગ ભોગવતી વિચરે છે. પણ હું અધન્ય, પુણ્યહીન, અકૃત પુન્ય છું, જેથી રાષ્ટ્રકૂટ સાથે વિસ્તારવાળા યાવત્ કામભોગોને ભોગવતી વિચરી શકતી નથી.

તે કાળે, સુવ્રતા આર્યા, જે ઈર્યાસમિત યાવત્ બહુપરિવારા હતા, તે પૂર્વાનુપૂર્વીથી જ્યાં બિભેલ સંનિવેશ હતું ત્યાં યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને યાવત્ રહ્યા. પછી તેમના એક આર્યા સંઘાટક બિભેલના ઊંચ–નીચ ગૃહોમાં યાવત્ ભમતા રાષ્ટ્રકૂટના ગૃહમાં પ્રવેશ્યા. ત્યારે તે સોમા બ્રાહ્મણી, તે આર્યાને આવતા જોઈને હર્ષિત થઈ, જલદી આસનેથી ઊભી થઈ. સાત–આઠ ડગલાં સામે ગઈ. વાંદી–નમી, વિપુલ અસનાદિ પ્રતિલાભીને બોલી –

હું રાષ્ટ્રકૂટ સાથે વિપુલ ભોગ ભોગવતા યાવત્ બત્રીશ બાળકો થયા. હવે તે ઘણા બાળકોથી યાવત્ ભોગ ભોગવી વિચરવા સમર્થ નથી. તેથી હું આપની પાસે ધર્મ સાંભળવા ઇચ્છું છું.

ત્યારે તે આર્યાઓ સોમા બ્રાહ્મણીને આશ્ચર્યકારી યાવત્ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ કહે છે. ત્યારપછી સોમા બ્રાહ્મણી, તે આર્યા પાસે ધર્મ સાંભળી, સમજી, હર્ષિત થઈ યાવત્ તે આર્યાને વાંદી–નમીને બોલી –

હે આર્યાઓ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ તેને માટે અભ્યુદ્યત છું. હે આર્યાઓ ! તેમજ છે, તમે

જે ધર્મ કહો છો એમ જ છે હું રાષ્ટ્રકૂટની રજા લઉં પછી આપની પાસે મુંડિત યાવત્ પ્રવ્રજિત થાઉં.

દેવાનુપ્રિયા ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

પછી સોમા બ્રાહ્મણી આર્યાઓને વાંદી–નમીને વિદાય આપશે. પોતે રાષ્ટ્રકૂટ પાસે આવી, બે હાથ જોડી કહેશે – દેવાનુપ્રિય ! મેં આર્યા પાસે ધર્મ સાંભળેલ છે, તે મને ઈષ્ટ યાવત્ રૂચિકર છે. તો આપની આજ્ઞા પામી હું સુવ્રતા આર્યા પાસે દીક્ષા લઉં.

ત્યારે રાષ્ટ્રકૂટ, સોમાને કહેશે કે હમણા મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યા ન લે, હાલ મારી સાથે વિપુલ કામભોગ ભોગવ પછી ભુક્તભોગી થઈ સુવ્રતા આર્યા પાસે દીક્ષા લેજે.

ત્યારે સોમા બ્રાહ્મણી, રાષ્ટ્રકૂટના આ અર્થને અંગિકાર કરશે.

ત્યારપછી સોમા બ્રાહ્મણી સ્નાન યાવત્ શરીરવિભૂષા કરી, દાસીના સમૂહથી પરીવરી, ઘેરથી નીકળી, બિભેલ સંનિવેશ મધ્યે થઈને સુવ્રતા આર્યાના ઉપાશ્રયે આવશે, સુવ્રતા આર્યાને વંદન–નમસ્કાર કરી, પર્યુપાસના કરશે. પછી સુવ્રતા આર્યા તેણીને કેવલી પ્રરૂપિત ધર્મ કહેશે – જે પ્રકારે જીવો કર્મ બાંધે છે, ઈત્યાદિ.

ત્યારે તે સોમા સુવ્રતા આર્યા પાસે યાવત્ બાર પ્રકારે શ્રાવકધર્મ અંગિકાર કરશે. કરીને સુવ્રતા આર્યાને વાંદી–નમીને જે દિશાથી આવી હતી, તે દિશામાં પાછી જશે. પછી સોમા શ્રાવિકા થઈ, જીવાજીવ સ્વરૂપને જાણી યાવત્ આત્માને ભાવતી રહેશે.

ત્યારપછી સુવ્રતા આર્યા કદાચિત્ બિભેલ સંનિવેશથી નીકળશે. બહારના દેશોમાં વિહાર કરશે. ત્યારપછી તે સુવ્રતા આર્યા અન્ય કોઈ દિને પુર્વાનુપૂર્વીથી યાવત્ આવીને રહ્યા.

ત્યારે સોમા બ્રાહ્મણી આ કથા સાંભળી હર્ષિત થઈ, સ્નાન કરી, પૂર્વવત્ નીકળી યાવત્ વાંદી–નમીને ધર્મ સાંભળી યાવત્ રાષ્ટ્રકૂટને પૂછીને પછી પ્રવ્રજ્યા લઈશ. સુખ ઉપજે તેમ કરો.

પછી સોમા બ્રાહ્મણીએ સુવ્રતા આર્યાને વાંદી, નમીને તેમની પાસેથી નીકળશે. પછી પોતાના ઘેર રાષ્ટ્રકૂટ પાસે આવી, બે હાથ જોડી પૂર્વવત્ પૂછીને યાવત્ દીક્ષા લઉં.

દેવાનુપ્રિયા ! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

પછી રાષ્ટ્રકૂટે વિપુલ અશનાદિ પૂર્વવત્ સુભદ્રા યાવત્ આર્યા થયા, ઈર્યાસમિતા યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી. પછી તે સોમા આર્યા, સુવ્રતા આર્યા પાસે સામાયિકાદિ ૧૧–અંગો ભણશે. ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમાદિ યાવત્ ભાવતી, ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનાથી ૬૦ ભક્તોને અનશન વડે છેદીને આલોચના–પ્રતિક્રમણ કરીને સમાધિ પામી, કાળ કરીને શક્રેન્દ્રના સામાનિક દેવપણે ઉપજશે.

ત્યાં સોમદેવની સ્થિતિ બે સાગરોપમ કહી છે.

તે દેવલોકથી દેવ સંબંધી આયુષયથી યાવત્ ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં યાવત્ મોક્ષે જશે.

જંબૂ ! એ પ્રમાણે શ્રમણ ભગવંતે આ અધ્યયનનો અર્થ કહેલ છે.

**મુનિ દીપરત્નસાગરે અધ્યયન–જનો કરેલ અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૫ ' પૂર્ણભદ્ર'

સૂત્ર–૯

ભગવન્ ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવંત મહાવીરે પુષ્પિકા ઉપાંગના ચોથા અધ્યયનનો આ અર્થ કહ્યો છે તો, ભગવંત મહાવીરે પાંચમાં અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે તે સમયે, રાજગૃહ નામે નગર હતું, ગુણશીલ નામે ચૈત્ય હતું, શ્રેણિક નામેરાજા હતો.

ભગવંત મહાવીરસ્વામી પધાર્યા, પર્ષદા દર્શનાર્થે નીકળી, તે કાળે તે સમયે પૂર્ણભદ્ર દેવ સૌધર્મકલ્પમાં પૂર્ણભદ્ર વિમાનમાં સુધર્માસભામાં પૂર્ણભદ્ર સિંહાસને ૪૦૦૦ સામાનિકો સાથે યાવત્ સૂર્યાભ દેવની સમાન રહેલો હતો. યાવત્ તે ભગવંત મહાવીર પાસે આવ્યો અને બત્રીશબદ્ધ નૃત્યવિધિ દેખાડીને પાછો ગયો.

અહી ભગવંત પૂર્વવત કૂટાગારશાલાનું દૃષ્ટાંત આપી ગૌતમસ્વામીની શંકાનું સમાધાન કરે છે.

ગૌતમસ્વામી, ભગવંતને પૂર્ણભદ્રના પૂર્વભવ વિશે પૃચ્છા કરે છે. ભગવંત ફરમાવે છે–

ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં મણિપતિતા નામે સમૃદ્ધ નગરી હતી. ત્યાં ચંદ્રોત્તરાયણ નામે ચૈત્ય હતું. ત્યાં પૂર્ણભદ્ર નામે ધનાઢ્ય ગાથાપતિ રહેતો હતો.

તે કાળે તે સમયે સ્થવિર ભગવંત, જાતિ સંપન્ન યાવત્ જીવિતાશા–મરણભયથી સર્વથા મુક્ત, બહુશ્રુત, બહુ પરિવારવાળા હતા તે પૂર્વાનુપૂર્વીથી યાવત્ પધાર્યા, પર્ષદા નીકળી.

ત્યારે પૂર્ણભદ્ર ગાથાપતિ આ વૃત્તાંત જાણી, હર્ષિત થઈ યાવત્ 'ગંગદત્ત' માફક નીકળ્યો યાવત્ દીક્ષા લઈ યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયો.

પછી પૂર્ણભદ્ર અણગાર ભગવંત પાસે સામાયિકાદિ **૧૧**–અંગ ભણ્યા. ઘણા છઠ્ઠ–અઠ્ઠમ યાવત્ કરીને ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનાથી ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિ પામી, કાળ કરી, સૌધર્મ કલ્પમાં પૂર્ણભદ્ર વિમાનમાં કરી, સૌધર્મ કલ્પમાં પૂર્ણભદ્ર વિમાનમાં ઉપપાત સભામાં યાવત્ દેવ થયો.

ગૌતમ ! એ રીતે પૂર્ણભદ્ર દેવે તે દિવ્ય દેવર્દ્ધિ યાવત્ પ્રાપ્ત કરી.

પૂર્ણભદ્ર દેવની સ્થિતિ બે સાગરોપમ છે. તે દેવલોકથી ચ્યવીને મહાવિદેહે મોક્ષે જશે.

જંબૂ ! એ પ્રમાણે શ્રમણ ભગવંત મહાવીરે આ અધ્યયનનો અર્થ કહેલ છે.

મુનિ દીપરત્નસાગરે અધ્યયન–૫ નો કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૬ 'માણિભદ્ર'

સૂત્ર–૧૦

ભગવન્ ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવંત મહાવીરે પુષ્પિકા ઉપાંગના ચોથા અધ્યયનનો આ અર્થ કહ્યો છે તો, ભગવંત મહાવીરે પાંચમાં અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે૦ રાજગૃહ નામે નગર હતું, ગુણશીલ નામે ચૈત્ય હતું, શ્રેણિક નામે રાજા હતો.

ભગવંત મહાવીરસ્વામી પધાર્યા. તે કાળે તે સમયે માણિભદ્ર દેવ સુધર્માસભામાં માણિભદ્ર સિંહાસને ૪૦૦૦ સામાનિકો આદિ સાથે રહેલા હતા.

પૂર્ણભદ્રની જેમ આગમન, નૃત્યવિધિ દર્શાવવી., પૂર્વભવ પૃચ્છા.

મણિપતિ નગરી, માણિભદ્ર ગાથાપતિ. સ્થવિરો પાસે પ્રવ્રજ્યા, ૧૧–અંગો ભણ્યા. ઘણા વર્ષનો પર્યાય, માસિકી સંલેખના, ૬૦ ભક્તોનું છેદન. માણિભદ્ર વિમાને ઉપપાત. બે સાગરોપમ સ્થિતિ, મહાવિદેહે મોક્ષે જશે.

જંબૂ ! એ પ્રમાણે શ્રમણ ભગવંત મહાવીરે આ અધ્યયનનો અર્થ કહેલ છે.

મુનિ દીપરત્નસાગરે અધ્યયન–૬ નો કરેલ અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૭ થી ૧૦ ' દત્ત' આદિ

સૂત્ર–૧૧

એ પ્રમાણે દત્ત, શિવ, બલ, અનાદત એ ચારે પૂર્ણભદ્ર દેવની સમાન જાણવું. બધાની બે સાગરોપમ સ્થિતિ. વિમાનોના નામો દેવો સદૃશ છે. પૂર્વભવમાં દત્ત–ચંદનામાં, શિવ–મિથિલામાં, બલ–હસ્તિનાપુરમાં, અનાદત–કાકંદી નગરીમાં ઉત્પન્ન થયા. બધા મહાવિદેહે મોક્ષે જશે.

મુનિ દીપરત્નસાગરે અધ્યયન–૬ નો કરેલ અનુવાદ પૂર્ણ

# પુષ્પિકા ઉપાંગસૂત્રનો
# મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–1** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–2** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમકોષસાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાંછે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**

**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVDમાં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ

"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ

Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ- ૨૧

# પુષ્પિકા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397